## જન્મદિને વધામણી


પ્રકાશકુમાર બી બારોટ
સલાહકાર, બ્રહ્મભટ્ટ સમાજ
મો. ૯૮૨૫૨ ૮૧૧૨૯


રીટા શૈલેષકુમાર સુથાર
મો. ૯૮૯૮૦૮૪૩૦૧


શ્રેયા પટેલ
મો. ૯૪૨૯૪ ૪૧૩૭૫


દર્શ ડી પંડિત
મો. ૯૭૨૩૦ ૧૦૪૯૮


નીધિ

# પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના રમતવીરોને રાજયપાલના હસ્તે સન્માન





શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના વર્ષ ૨૦૧૫-૧૬માં રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર રમતવીરોને પ્રોત્સાહિત કરવાનો કાર્યક્રમ ગુજરાત રાજયના રાજયપાલ ઓ.પી. કોહલીના યજમાનપદે યોજાયો હતો. સમગ્ર કાર્યક્રમ અખિલ આંજલા કેળવણી મંડળ દ્વારા યોજવામાં આવ્યો હતો. ગુજરાત રાજયના રાજયપાલ ઓ.પી. કોહલીએ ગુજરાત યુનિવર્સિટી સાઉથ ઝોનમાં ચેમ્પિયન થયેલ, નેશનલ કક્ષાએ રમાયેલ અને ઈન્ટરનેશનલ કક્ષાએ મેડલ મેળવનાર રમતવીરોને મેડલ્સ પહેરાવીને સન્માનીત કર્યા હતા. આ પ્રસંગે અંખિલ આંજણા કેળવણી મંજળના પ્રમુખ શેઠ હરિભાઈ ચૌધરી, મહામંત્રી માધુભાઈ કે. ચૌધરી, પૂર્વ પ્રમુખ મણીભાઈ કે. ચૌધરી, ઉપપ્રમુખ શંકરભાઈ એમ. ચૌધરી, સેંધાભાઈ આર. ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પસ ડાયરેકટર યશવંતભાઈ ચૌધરી, આચાર્યા ડૉ. ઊર્મિલાબેન ચૌધરી, શારીરિક શિક્ષણના પ્રા. વિનોદભાઈ ચૌધરી, કોચ પ્રજ્ઞેશભાઈ મેસરીયા ઉપસ્થિત રહીને રમતવીરોની પ્રગતિને બિરદાવી હતી.

# ગુડી પડવો - સાંસ્કૃતિક પરંપરા

ગાંધીનગર, તા.૨૮

ચૈત્ર સુદ એકમ એ મરાઠી નવા વર્ષનો પ્રથમ દિવસ છે. એ પાછળ એવી દંતકથા પ્રચલિત છે કે પ્રભુ શ્રી રામચંદ્ર ચૌદ વર્ષનો વનવાસ ભોગવી, લંકાપતિ રાવણનો વધ કરી વિજયી થઈ જે દિવસે અયોધ્યા પાછા ફર્યા તે દિવસ ચૈત્ર સુદ એકમ હતી. અયોધ્યા નગરીના લોકોએ ઘેર- ઘેર ગુડી, તોરણો ઊભા કરી રામના પાછા ફરવાનો આનંદ વ્યક્ત કર્યો. તે સંદર્ભે ગુડી પડવાનો આ તહેવાર દર વર્ષે ઉજવવામાં આવે છે. ગુડી પડવાને 'વર્ષ પ્રતિપદા' તરીકે પણ ઓળખવામાં આવે છે.

સામાન્ય રીતે હિંદુઓ કોઈ પણ નવી બાબતનો પ્રારંભ કરવા માટે શુભ દિવસ જ પસંદ કરે છે. એ દૃષ્ટિએ વર્ષના કેટલાંક દિવસો વણજોયા મુહૂર્ત તરીકે કે સાડા ત્રણ મુહૂર્ત જાણીતા છે. ગુડી પડવાનો દિવસ આ સાડાત્રણ મુહૂર્તપૈકીનો એક છે. નવા ઘરમાં રહેવા જવું. કીમતી વસ્તુઓની ખરીદી કરવી. વગેરે બાબતો માટે આ દિવસ શુભ મનાય છે. આ દિવસે નવા સંવતનો પ્રારંભ થાય છે. અને નવું પંચાંગ પણ શરૂ થાય છે. શાલિવાહન શકની શરૂઆત (હિંદુ કાળગણના પ્રમાણે)



જ આ દિવસે થઈ.

મહારાષ્ટ્રમાં આ દિવસે ઘરના આંગણામાં પાંચ પાંડવોની પ્રતિકૃતિ તૈયાર કરી તેની આસપાસ સુંદર રંગોળી કરવામાં આવે છે. ગામડાંઓમાં આંગણામાં ગાયના છાણથી લીપીને તેની પર આ રંગોળી તૈયાર કરાય છે. આ જગ્યાએ ગુડી (લાકડી) ઊભી કરવામાં આવે છે. ગુડીની ષોડશોપચારે પૂજા કરવામાં આવે છે.

ગુડી ઊભી કરતાં પહેલાં લાકડીને તેલ લગાવી તેને ચોખ્ખા પાણીથી ધોઈ લેવામાં આવે છે. તેને હળદર- કંકુ ચડાવવામાં આવે છે. ગુડી માટે પિત્તળનો કે ચાંદીનો લોટો, કડવા લીમડાની ડાળી, હાયડા, નાનું કાપડ, સાડ, ફૂલનો હાર વગેરે સામગ્રી લેવામાં આવે છે. લાકડીના છેડે નાના રંગીન કપડાંને ફીટ બાંધી તેના પર લોટો ઊંધો મૂકવામાં આવે છે. આ ઊંધા લગાવેલા લોટામાં કડવા લીમડાની ડાળી લગાવી હાયડાનો હાર પહેરાવવામાં આવે છે. લાકડી પર સાડી જે રીતે પહેરાય તે રીતે લાકડીને સાડી પહેરાવાય છે.

ઘરના આગળના ભાગમાં રસ્તા પરથી પણ સરળતાથી જોઈ શકાય તે રીતેગુડીનેબાંધવામાંઆવેછે. આ ગુડીને રામના સ્વાગત માટે શુભ ધ્વજના પ્રતીકરૂપ ગણવામાં આવે છે. ગુડી ઊભી કર્યા પછી તેના પર હળદર કંકુ ચડાવવામાં આવે છે. ઘરના પ્રવેશદ્વાર પર આંબાની ડાળી અને તોરણ લગાવવામાં આવે છે. નવા વર્ષના પંચાંગની પૂજા કરવામાં આવેછે.

આ દિવસની શરૂઆત કડવા લીમડાનાં પાન ખાવાથી કરવાની પ્રથા છે. કડવા લીમડાને આ અરસામાં નવા પાન ફૂટેલા હોય છે. તેના કૂમળા પાન લઈ તેમાં ગોળ, જીરું, સ્વાદ પૂરતું મીઠું અને લીંબુ નાંખી તેને વાટીને ગોળી બનાવવામાં આવે છે. આયુર્વેદમાં જણાવ્યા પ્રમાણે કડવો લીમડો અત્યંત આરોગ્યપ્રદ અને કીટનાશક છે. આ ઊભી કરેલી ગુડીને સંધ્યા સમયે ઉતારવામાં આવે છે. ગામમાં જ્યાં રામનું મંદિર હોય ત્યાં રાયડાની માળા અર્પણ કરવામાં આવે છે. હળદર- કંકુ, ચોખા ચડાવીને પછી જ ગુડી ઉતારવામાં આવે છે. આ દિવસથી રામનવમી સુધી રામ મંદિરમાં કીર્તનનો પ્રારંભ થાય છે.

આ દિવસે નાનાં બાળકો પાસે શાળામાં પાટી પૂજન (સરસ્વતી પૂજન) કરાવવામાં આવે છે. પાટી પર ચંદ્ર, સૂર્ય, સરસ્વતી દોરી પાટીની એટલે કે વિદ્યાની પૂજા કરવામાં આવે છે.



શ્રી સ્વામિનારાયણ પોલીટેકનિક, સેકટર-૨૨, ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓ માટે ''મોટીવેશનલ સેમિનાર'' યોજાયો હતો. જેમાં ટ્રસ્ટી રામકૃષ્ણસ્વામી, પ્રિન્સિપાલ ધર્મેશ વાંદરાના માર્ગદર્શન હેઠળ શ્રીમાન અમિતભાઈ દવે દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અને વિદ્યાર્થીઓ એ પોતાનો ગોલ નક્કી કરી યોગ્ય દિશામાં આગળ વધવું તથા નિષ્ફળતાથી બોધ લઈ કેવી રીતે સફળ થવું એનું માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં તેમને એકઝામ ફીવરથી કેવી રીતે બહાર આવી યોગ્ય પ્લાનિંગ કરી પરીક્ષામાં સફળતા મેળવવા માટેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# સ્વામિનારાયણ મંદિર મોખાસણનો પાટોત્સવ ભારે દબદબાપૂર્વક ઉજવાયો

ગાંધીનગર, તા.૨૮

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં સ્વામિનારાયણ મંદિર, મોખાસણનો



પાટોત્સવ ભારે દબદબાપૂર્વક ઉજવાયો હતો. સાથે પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજનો ૭૫મો સદ્ભાવ અમૃત પર્વે વિવિધ કાર્યક્રમો ઉપરાંત ત્રિદિવસીય વ્યસન મુક્તિ શિબિર તથા વ્યસનમુક્તિ રેલી પણ યોજાઈ હતી.

પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજે આશીર્વાદમાં જણાવ્યું હતું કે જેનામાં સંસ્કાર, સત્સંગ અને શિક્ષણ હશે તે માનવી જીવનમાં ઉન્નતિના શિખર સર કરી શકે છે. ઘણી મોટી સંખ્યામાં માનવ સમુહ ઉપસ્થિત રહ્યો હતો.

# 'શુભ થાઓ' કે 'કલ્યાણ ભવતુ' આશીર્વાદ આપતા શુભચિંતકો

ગુજરાતનાં એક મધ્યમ કક્ષાના શહેરમાં રહેતી એક ગાયક કલાકાર યુવતી. ખૂબ જ સરળ સ્વભાવની અને સુંદર પણ. એ યુવતી સંગીતના સ્ટેજ શૉ કરે, ક્યારેક સોલો પરફોર્મન્સ આપે, સંગીતના જલસઓમાં પોતાની સુમધુર ગાયકીથી પ્રેક્ષકોને ડોલાવે, રેડિયો અને ટેલીવિઝન ઉપર પણ તેના કાર્યક્રમો પ્રસારિત થતાં રહે. એ શહેરમાં કાર્યક્રમો રજૂ કરવા માટે પધારતા રાષ્ટ્રીય કક્ષાના કલાકારો સાથે પણ પ્રસંગોપાત તેને પોતાની કળા પીરસવાની તક મળતી રહે.

એ શહેરમાં એ ગાયક કલાકાર યુવતીની બોલબાલા. જાહેરમાં જ્યાં પણ જાય ત્યાં તેના પ્રશાંશકો મળી જાય. શહેરની નામાંકિત સામાજિક, સાંસ્કુતિક સંસ્થાઓ પણ પ્રસંગોપાત એ યુવતીનું એક કલાકાર તરીકે સન્માન કરવાનું ચૂકે નહીં. એ યુવતીનું સન્માન કરીને એ સંસ્થાઓ અને શહેરની નામાંકિત વ્યકિતઓ ગૌરવ અનુભવે. એ યુવતીની દરેક નાની-માટી સિધ્ધિઓને એ શહેરના નાના-મોટા અખબારો પણ ગૌરવથી બિરદાવે. એ યુવતી પણ પોતાની થતી પ્રશંશા અને સન્માનો થકી ગૌરવ અનુભવે.

એક દિવસ એ યુવતી ઉપર સામાજિક સંકટ આવ્યું. એ સંકટ એવું હતું કે એને કારણે એ યુવતી ઉપર બદનામીનું કલંક પણ લાગે અને કદાચ તેની કારકિર્દી પણ ખતમ થઈ જાય. શહેરના અનેક પ્રશંશકો, સામાજિક સંસ્થાઓ અને નામાંકિત વ્યક્તિઓમાથી ઘણા લોકોને યુવતીના એ સંકટ વિષે જાણ હતી પણ એ યુવતીની મદદ કરીને એ સંકટમાંથી ઊગારવા માટે તેની પડખે કોઈ જ ઊભું ના રહ્યું. યુવતીના એકાદ બે સ્નેહીઓ અને એકાદ બે મિત્રો કે જેઓ યુવતીના પ્રશાંશકોના ટોળાંમાં ક્યારેય દેખાતા ના હતા, તેઓ સંકટ સમયે એ યુવતીની પડખે ઊભા રહ્યા અને એ યુવતીને મદદ કરી. એ મદદ થકી યુવત્તિ ભારે સંકટમાંથી હેમખેમ પાર ઉતરી અને તેની લોકપ્રિયતા કે કારકિર્દીને કોઈ જ પ્રકારની આંચ ના આવી.

બધુ જ હેમખેમ પાર ઉતરી ગયું ત્યારે પોતાના બે ચાર અંગત મિત્રોને એ યુવતીએ કહ્યું કે; ''જે લોકો મારી પ્રશંસા કરતાં હતા, જે ચાહકો મારૂ સન્માન કરતાં હતા, તેઓ મને સારી રીતે ઓળખતા હોવા છતાં મારી મદદે ના આવ્યા. જેઓ મારા પ્રશંશકો ના હતા, તે લોકો મારી મદદે આવ્યા. જે લોકો મારી મદદે આવ્યા તેઓ મારા શુભચિંતકો હતાં, પણ તેઓ વિષે મને ખબર જ ના હતી કે એ લોકો મારા શુભચિંતકો છે. હું તો એમ જ માનતી હતી કે જે લોકો મારા પ્રશંશકો છે એ મારા શુભ ચિંતકો પણ હશે, પણ મારી એ માન્યતા ખોટી પડી.'' યુવતીએ એક સનાતન સત્ય ઉચ્ચારયું કે ''તમારા પ્રશાંશકો બેશક, તમને સારી રીતે ઓળખતા હશે, પણ તમારા શુભ ચિંતકો કે હિતેચ્છુઓને તો તમારે જ ઓળખવા પડે.''

આપણાં શુભચિંતકો એ છે જે હંમેશા આપણને ખુશ જોવા ઈચ્છે છે, હંમેશા આપણી સફળતા ઈચ્છે છે, હંમેશા આપણી શુભ કામનાઓ કરે છે અને હંમેશા આપણાં શુભ માટે આપણી જાણ બહાર ઈશ્વરને પ્રાર્થના કરતાં રહે છે. હા, એ શક્ય છે કે આપણાં શુભચિંતકો કદાચ આપણાં પ્રશંશકો ના હોય પણ તેઓ આપણાં માટે હંમેશા ''શુભ થાઓ'' કે ''કલ્યાણ ભવતુ'' ના આશીર્વાદ આપતા રહે છે.

આપણાં શુભચિંતકો હંમેશા આપણી સાથે જ, સતત આપણી જોડે જ હોય એવું નથી. એવી અપેક્ષા રાખવી પણ વાજબી નથી. આકાશના તારાઓ આકાશમાં હંમેશા હોય જ છે પણ કાયમ દેખાતા નથી. એ તો કૃષ્ણપક્ષમાં, અંધારામાં જ નારી આંખે જોઈ શકાય. શુભચિંતકો પણ આકાશના




તારા જેવા હોય છે. આપણાં જીવનમાં થોડું પણ અંધારું થાય, મુશ્કેલી આવે ત્યારે આપણી સમક્ષ પ્રગટ થઈ જતાં હોય છે. આપણાં જીવનની એ કમનસીબી છે કે આપણાં જ શુભચિંતકોને, તેઓ આપણી આસપાસ હોવા છતાં, આપણે તેઓને ઓળખી શક્તા નથી.

સાચા શુભચિંતકો ને આપણે ઓળખી શક્તા નથી તેનું એક મહત્વનુ કારણ એ હોય શકે કે તેઓ આપણને આપણી નબળાઈઓ વિષે ક્યારેક અંગુલિનિર્દેશ કરતાં હોય છે. આપણે ક્યારેક ભૂલ કરતાં હોઈએ , આપણે ખોટા માર્ગે જતાં હોઈએ ત્યારે તેઓ આપણને સત્ય પણ કહેતા હોય છે જે આપણને ગમતું નથી અને કડવું લાગે છે. આપણાં હિતમાં કહેવાયેલું કડવું સત્ય આપણે ગળે ઉતારવાને બદલે થૂ થૂ કરીને થૂંકી નાખીએ છીએ. જે વ્યકિત આપણને કડવું સત્ય કહે છે તે વ્યક્તિ પણ આપણને કડવી લાગે છે. હકીકતમાં જેમ કડવી દવા આપણી તન્દુરસ્તી માટે હિતાવહ છે એમ જ શુભચિંતકો દ્વારા કહેવાયેલા કડવા સત્યો પણ જીવનસ્વાસ્થ્ય માટે શુભ હોય છે, પણ એ સમયે આપણને કડવું લાગે છે એટ્લે તેને શુભ ચિંતક માનવાને બદલે આપણે તેને આપણાં હિતશત્રુ માનીએ છીએ. હકીકતમાં જે વ્યક્તિ આપણી નબળાઈઓ વિષે, આપણી ભૂલો વિષે આપણને મોઢામોઢ કહેતી હોય એ જ વ્યક્તિ આપણી શકિતઓ, આપણી સારપ, આપણી સિધ્ધિઓ વિષે આપણી ગેરહાજરીમાં બીજી વ્યક્તિઓને ગૌરવ પૂર્વક કહેતી હોય છે. સાચા શુભચિંતકની એ જ લાક્ષણિક્તા છે.

શુભચિંતકોને ક્યારેય, કોઈ પણ પ્રકારની આપણી પાસેથી અપેક્ષાઓ નથી હોતી. આપણી પાસેથી કઈ મેળવવા, કઈ લાભ ખાટવા માટે આપણી સાથે સંબંધો નથી રાખતા કે આપણું શુભ નથી ઈચ્છતા. તેઓ નિઃશ્વાર્થ હોય છે અને આપણાં પ્રત્યેના સ્નેહ, લાગણી કે પ્રેમ ને કારણે જ આપણું શુભ ઈચ્છતા હોય છે. શુભચિંતકો ગાડરીયા પ્રવાહની સાથે ક્યારેય પોતાની જાતને જોતરતાં નથી. તેઓ જે કઈ નિર્ણયો કરે છે તે પોતાના સ્વતંત્ર નિર્ણયો હોય છે. તેઓ પ્રશાંશા કે ખુશામત ને બદલે સાચા અર્થમાં આપણાં માટે શુભેચ્છાઓ પાઠવતા હોય છે. જરૂર પડે તો મદદ માટે પણ તત્પર હોય છે. જે સાચા શુભચિંતકો હોય છે તેઓ કોઈ પણ સમયે, સારા કે કપરા સમયમાં પોતાના વાણી, વર્તન અને અભિગમ એક સરખાજ રાખીને સાચુકલા સાબિત થતાં હોય છે.

આપણાં બધા જ મિત્રો, સ્નેહીઓ, કુટુંબીજનો અને પ્રશંશકો આપણાં શુભ ચિંતકો જ હોય એ શક્ય નથી અને એવી અપેક્ષા પણ ના રાખી શકાય. હા, એ સૌને આપણી હકારાત્મક વાણી, વર્તન અને વ્યવહાર દ્વારા આપણાં શુભચિંતકો બનાવી શકાય છે, પણ શરત માત્ર એટલી કે આપણે તેઓના સાચા શુભચિંતકો બનીએ.

દરેક વ્યક્તિના બે-ચાર-દસ-બાર કે પંદર શુભચિંતકો હોય જ છે. આપણાં શુભચિંતકોને ઓળખવા મુશ્કેલ છે, પણ અશક્ય નથી. સાચા શુભચિંતકોને ઓળખવા મુશ્કેલ એટલા માટે છે કે તેઓ હંમેશા પડદા પાછળ રહેવાનુ પસંદ કરે છે, પ્રશાંશકોની જેમ પ્રેક્ષકોમાં નહીં. આપણે આપણાં શુભ ચિંતકોને ઓળખવા પ્રયત્ન કરીએ, તેઓને ઓળખીને તેઓની કદર કરીએ, તેઓનું ગૌરવ કરીએ અને આપણે પણ તેઓના શુભચિંતક બનીએ. શુભચિંતકો સાથે આપણે આપણાં સંબંધો પ્રગાઢ બનાવીએ અને એક સાચા મિત્ર કે સ્નેહી તરીકે તેમને આપણાં જીવનમાં સ્થાપી દઈએ. શુભચિંતકોનું ગૌરવ કરીએ અને આપણે પણ ગૌરવ અનુભવીએ.



# એસ. જી. અંગ્રેજી પ્રાથમિક શાળાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો



ગાંધીનગર, તા.૨૮

એસ.જી અંગ્રેજી પ્રાથમિક શાળાના ધોરણ-૮ના વિધ્યાર્થીઓનો વિદાય સમારંભ આજે તા- ૨૪-૩-૨૦૧૭ ના દિવસે યોજાયો આ કાર્યક્રમમાં ધોરણ-૭ અને ૮ ના વિધ્યાર્થીઓએ વિવિધ કાર્યક્રમ રજૂ કર્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્યા મિલી મેડમે બાળકોને આશીર્વચન આપ્યા હતા.આ કાર્યક્રમનું સંચાલન સુહાસ સર તેમજ વૈભવી મેડમે કર્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

સિક્કો હંમેશા
અવાજ કરે છે
પણ ચલણી નોટ
જરાય અવાજ કરતી નથી;
તો જયારે તમારું મૂલ્ય વધે
ત્યારે હંમેશા શાંત રહો.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

### 'મારું માયાળુ મોસાળ'